પાલનપુરમાં ટયુશન કલાસ ચાલુ કરાવવા છાત્રોની ધારાસભ્ય-કલેકટરને રજૂઆત

નિર્ણય નહી લેવાય તો ઉપવાસ ઉપર ઉતરવાની ચિમકી અપાઇ

પાલનપુર

બનાસકાંઠા વહિવટીતંત્ર દ્વારા સુરતની ઘટના બાદ સમગ્ર જિલ્લામાં ફાયર સેફટીના મુદ્દે તમામ પ્રકારના કલાસીસ બંધ કરી દેવામાં આવ્યા છે. જ્યાં જિલ્લા મથક પાલનપુર ખાતે કેટલાક ટયુશન કલાસના સંચાલકોએ

કલાસ ચાલુ કરાવવા માટે તંત્ર સામે મોરચો માંડ્યો છે. જે અંતર્ગત શુકવારે વિધાર્થીઓને ટયુશન કલાસ ચાલુ કરાવવા માટે પાલનપુર ધારાસભ્ય તેમજ કલેકટરને આવેદન આપી રજૂઆત કરી હતી. અને જો નિર્ણય લેવામાં નહી આવે તો ઉપવાસ આદરવાની ચિમકી ઉચ્ચારી હતી.

સુરતમાં તાજેતરમાં એક બહુમાળી બિલ્ડીંગના ટયુશન કલાસીસમાં આગની ઘટનામાં ૨૨ વિદ્યાર્થીઓના મોત નિપજ્યા હતા. જેના રાજ્યભરમાં ઘેરા પ્રત્યાઘાત જોવા મળ્યા હતા.

જેથી વહીવટી તંત્ર દ્વારા ફાયર સેફ્ટીને ધ્યાને લઈ રાજ્યમાં ચાલતા તમામ ટ્યુશન ક્લાસીસોને બંધ કરવાની સુચના આપી બંધ કરાવવામાં આવ્યા છે. જેની અસર બનાસકાંઠામાં પણ પડી હતી. અને બનાસકાંઠામાં વહીવટી તંત્ર દ્વારા તમામ ટ્યુશન કલાસીસ બંધ કરાવવામાં આવ્યા હતા. જેના પગલે આગામી દિવસોમાં આવી રહેલી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં વિદ્યાર્થીને મુસ્કેલીનો સામનો કરવો પડે તેવી પરિસ્થિતિ સર્જાય તેમ હોઇ કેટલાક ટયુશન કલાસના સંચાલકોએ ટયુશન કલાસ ચાલુ કરાવવા માટે તંત્ર સામે મોરચો માંડયો છે.

જે અંતર્ગત શુકવારે વિદ્યાર્થીઓ પાલનપુર કલેકટર કચેરી ઘસી આવ્યા હતા. અને પાલનપુર કોંગ્રેસના ધારાસભ્ય મહેશભાઈ પટેલ અને જિલ્લા કલેકટર કચેરી ખાતે આવેદન પત્ર આપી ક્લાશીસ ચાલુ કરવાની માંગ કરી હતી. તેમ છતા જો કલાસીસ ચાલુ કરવામાં નહી આવે તો આગામી દિવસોમાં ઉપરવા ઉપર બેસવાની ચિમકી આપી હતી.

પાલનપુર સિવિલ હોસ્પિટલના સફાઈ કામદારોને પગાર ન મળતા ભૂખ હડતાલ પર

પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા સફાઈ કામદારોને નિયમિત પગાર ન ચૂકવાતો હોઈ શુકવારે ભૂખ હડતાલ પર ઉતરી જતા ભારે ઉત્તેજના પ્રસરી ગઈ હતી. હડતાલને પગલે સિવિલ હોસ્પિટલની સફાઈ કામગીરી કથળી ગઈ હતી. પાલનપુર શહેરમાં આવેલી જિલ્લાની સૌથી મોટી હોસ્પિટલ પાલનપુર સિવિલ હોસ્પિટલમાં જિલ્લા ભરમાંથી દર્દીઓ સારવાર અર્થે આવે છે. તેમાં દર્દીઓને સારવાર આપી રહેલા સ્ટાફ ઘણીવાર મનમાની કરતો હોવાની અને તબીબો દ્વારા નવા નિયમો ઘડીને દર્દીઓને તેમના સગાઓને હેરાનગતિ કરવામાં આવતી હોવાની વ્યાપક પ્રમાણમાં રાવ છે ત્યારે સિવિલ હોસ્પિટલમાં જ ફરજ બજાવતા સફાઈ કામદારો સિવિલ હોસ્પિટલમાં ચાલતી લાલિયાવાડીને પગલે શુકવારે ભૂખ હડતાલ પર ઉતરી ગયા છે.

અડસઠ બારીસ વણકર સમાજનો પંચમ સમૂહલગ્ન યોજાયો

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લાના વણકર સમાજના અડસઠ-બારીસ પરગણાનો પંચમ

સમૂહલગ્નોત્સવ ધામધૂમપૂર્વક મોડાસાના ગોખરાવા ગામે યોજાયો હતો. જેમાં મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, જીલ્લા કોંગ્રેસ પ્રમુખ કમલેન્દ્રસિંહ રહેવર, અરવલ્લી જીલ્લા ભાજપ પ્રમુખ રણવીર સિંહ ડાભી, મોડાસા માર્કેટયાર્ડના પૂર્વ ચેરમેન ચંદુભાઈ પટેલ, જીલ્લા પંચાયત સદ્દશ્ય કમળાબેન પરમાર, પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ ભાવનાબેન પરમાર, સમારંભના અધ્યક્ષ નિવૃત્ત ડીવાયએસપી એલ.કે. પ્રણમી, હરજીભાઈ વણકર સહીત મોટી સંખ્યામાં સમાજના અગ્રણીઓએ ઉપસ્થિત રહી ૨૯ નવદંપતિને આશીર્વચન પાઠવ્યા હતા. પંચમ સમૂહ લગ્નના પ્રમુખ ડૉ.જીતેન્દ્ર પાટીલ, મહામંત્રી કાંતિભાઈ પરમાર અને સુમુહલગ્નના હોદેદારો સમુહલગ્ન સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે અક્ષરાતીત રાજશ્યામજીની ભવ્ય શોભયાત્રા ગોખરાવા ગામથી સમૂહ લગ્નોત્સવ સ્થળ સુધી યોજાઈ હતી.

પાલનપુરના ગણેશપુરા વિસ્તારમાં ગટર ઉભરાતા રહીશો ત્રાહિમામ

ગુંદુ પાણી ભરાતા રોગચાળાની ભીતી

પાલનપુર, તા. ૧

પાલનપુરના ગણેશપુરા વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી ગટર ઉભરાઈ રહી છે. જેના ગંદા પાણી જાહેર માર્ગ ઉપર ભરાઈ રહેતા હોઈ રહિશો તેમજ છેલ્લા ઘણા સમયથી જાહેર માર્ગો પર ગટરના ગંદા પાણી ઉભરાતા હોવાથી રહીશો મુશ્કેલીઓ ભોગવી રહ્યા છે. આ બાબતે રજૂઆતો પણ કરવામાં આવેલી છે, પરંતુ રજુઆતોને ઢગલા જાહેરમાર્ગો પર જ ખડકી દેવામાં આવે છે અને સફાઈકર્મીઓ ઘણીવાર આ ગંદકી નથી ઉપાડતા પણ ન હોય આસપાસમાં દુકાનો ધરાવતા વેપારીઓ ગંદકીથી ત્રાહિમામ

માર્ગે પસાર થતાં લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. વળી ગંદા પાણીના ભરાવાથી રોગચાળાની ભિતી પણ સેવાઈ રહી છે. ત્યારે નગરાલિકા દ્વારા સત્વરે ગટરનું સમારકામ કરવામાં આવે તેવી લોકોની માંગ ઉઠવા પામી છે.

પાલનપુરના ગણેશપુરા વિસ્તારમાં અવારનવાર ગટરના ગંદા પાણી જાહેર માર્ગ પર રેલાતા હોવાની વ્યાપક રાવ છે. તેમાં સાંભળવામાં આવેલ ન હોય હાલમાં પણ સ્થિતિ જૈસે થે છે. ત્યારે આ બાબતની ગંભીર નોંધ લઈ નગરપાલિકાના સત્તાધીશો શહેરના ગણેશપુરા વિસ્તારમાં અવારનવાર સર્જાતી ગટરના ગંદા પાણીની સમસ્યાને દૂર કરે તેવી જનમાંગ ઉઠવા પામી છે. અત્રે ઉલ્લેખનીય છે કે શહેરના હાર્દસમા દિલ્હીગેટ વિસ્તાર સહિત અનેક વિસ્તારોમાં ગંદકીના પોકારી ઉઠ્યા છે.

બીજી તરફ શહેરમાં કેટલાક વિસ્તારોમાં ખુલ્લી ગટરોને કારણે રસ્તા પરથી પસાર થતા વખતે પણ તીવ્ર વાસ આવતી હોવાથી ભારે મુશ્કેલી ભોગવવી પડતી હોય છે. તે ઉપરાંત અનેક વિસ્તારોમાં ગટરો તુટી જવાથી ગટરના ગંદા પાણી પણ જાહેર માર્ગ પર રેલાતા હોવાની ફરિયાદો ઉઠી રહી છે.

પાણી પુરવઠા બોર્ડના અધિકારી અને કર્મચારીઓ સરકારી લાભોથી વંચિત

ડીસા

બનાસકાંઠા સહિત રાજ્યમાં ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડમાં ફરજ બજાવતા અધિકારી અને કર્મચારીઓને સરકારી કર્મચારીઓને અપાતા લાભો આપવામાં આવતા નથી તેથી નારાજ અધિકારી અને કર્મચારીઓએ પાણી પુરવઠા મંત્રી સમક્ષ ઉગ્ર રજુઆત કરી ન્યાયની ગુહાર લગાવી છે.

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ ગાંધીનગરના નેજા હેઠળ રજુઆતમાં કર્મચારીઓએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારના તમામ કર્મચારીઓને સાતમા પગાર પૅંચના લાભો અને એરિર્યસ ચૂકવી દેવામાં આવેલ છે એ જ રીતે નાણાં વિભાગના ઠરાવ મુજબ ૧૦ લાખના બદલે ૨૦ લાખણી ગ્રેજ્યુઇટી આપવામાં આવે છે પણ બોર્ડના અધિકારી, કર્મચારી અને રોજમદારોને આજ સુધી આ લાભો આપવામાં આવ્યા નથી પ્રમોશન પણ અપાતું નથી ઉલ્ટાનું વધુ ચાર્જ સોંપવામાં આવે છે તેથી કામનું ભારણ વધી જતા છેલ્લા છ માસમાં ત્રણ અધિકારીનું હૃદયરોગના હુમલામાં મોત થયું છે સ્વૈચ્છીક નિવૃત્તિ લેતા સરકારી કર્મચારીઓને ૩૦૦ દિવસની રજા પગરનો લાભ મળે છે પણ અમોને આ લાભ પણ અપાતો નથી આ બાબતે અવારનવાર રજૂઆતો છતાં પ્રશ્નોનું નિરાકરણ આવતું નથી તેથી નાછૂટકે આંદોલન છેડવાની ચીમકી ઉચ્ચારી હતી.

પાલનપુરની કોટક બેંકમાં શોટ સર્કિટથી આગ લાગતાં દોડધામ મચી

પાલનપુરમાં છેલ્લા એક સપ્તાહથી આગના ઉપરા છાપરી બનાવો બની રહ્યા છે. જ્યાં શહેરના કોઝી વિસ્તારમાં કાર્યરત કોટક બેંકમાં ગુરુવારે

શોર્ટ સર્કિટથી આગ લાગતાં અફરાતફરી મચી જવા પામી હતી. આ અંગે બેંકના સૂત્રોએ જણાવ્યું હતું કે, બેંકના ટ્રેક્ટરના લોન વિભાગમાં સામાન્ય આગ લાગી હતી. આગના પગલે કર્મચારીઓમાં નાસભાગ મચી જવા પામી હતી. આ અંગે તાત્કાલિક પાલનપુર નગરપાલિકામાં જાણ કરવામાં આવતાં ફાયર ફાયટર સાથે કર્મચારીઓ દોડી આવ્યા હતા. અને સામાન્ય આગ ઉપર પાણીનો મારો ચલાવી કાબુ મેળવ્યો હતો. જોકે, ખુલ્લા વાયરોના કારણે શોર્ટ સર્કિટથી આગ લાગી હોવાનું અનુમાન કરવામાં આવી રહ્યું છે.

ભીલડી ખાતે વિહોતર ગ્રુપ ઓફ ગુજરાતની મીટીંગ મળી

પ્રમુખ તરીકે વિજયભાઈ દેસાઈ (શેરગટ)ની નિમણૂક કરાઈ

વિહોતર ગ્રુપ ઓફ ગુજરાત સમગ્ર રાજ્યમાં સમાજીક શૈક્ષણિક અને સેવાકીય પ્રવૃત્તિમાં અગ્રેસર જોવા મળી રહ્યું છે જેને લઈ સમગ્ર રાજ્યમાં તેની રચના થયેલી છે વિહોતર ગ્રુપ ગુજરાત ના અધ્યક્ષ જીવરાજભાઈ આલ ના માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજ્યમાં ટીમ વર્ક સાથે કામ કરવામાં આવી રહ્યું છે ત્યારે આજરોજ ભીલડી ખાતે પણ વિહોતર ગ્રુપ ગુજરાતની બેઠક મળી હતી કાર્યક્રમની શરૂઆતમાં ભીલડીના ટીમના સભ્યો દ્વારા ગુજરાત પ્રદેશના અધ્યક્ષ જીવરાજભાઈ આલ ને પાઘડી પહેરાવી સન્માન કર્યું હતું ત્યારબાદ વિહોતર ગ્રુપ ઓફ ભીલડી ની રચના કરવામાં આવી હતી બહોળી સંખ્યામાં ઉપસ્થિત યુવાનોની હાજરીમાં ભીલડી ના પ્રમુખ તરીકે દરેકની સર્વસંમતિથી વિજયભાઇ દેસાઈ શેરગઢ ને જવાબદારી સોંપવામાં આવતા અધ્યક્ષ દ્વારા તેમનું તથા ટીમનું

સન્માન સાથે સ્વાગત કરવામાં આવી હતું.

આ પ્રસંગે બનાસકાંઠા જિલ્લા વિહોતર ના પ્રમુખ સહિત દરેક તાલુકાના પ્રમુખ અને તેમની ટીમ ઉપસ્થિત રહી હતી ત્યારે ભીલડી ખાતે વિહોતર ગ્રુપની રચના થતા આગેવાનો વડીલોને યુવાનોમાં પણ ખૂબ ઉત્સાહ જોવા મળી રહ્યો છે આગામી દિવસોમાં પણ સમાજમાં શૈક્ષણિક સામાજીક અને સેવાકીય પ્રવૃત્તિમાં પણ વિહોતર ગ્રુપ ભીલડીની ટીમ ખૂબ સારું કામ કરશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

ડીસા માર્કેટયાર્ડના વિકાસમાં વેપારીઓનું મહત્વનું યોગદાન

માવજીભાઇ દેસાઇના હસ્તે ગિફ્ટ બેગ તેમજ માહિતી પુસ્તિકાનું લોકાર્પણ કરાયું : ડીસા માર્કેટયાર્ડના ચેરમેન-ડિરેક્ટરોનો સત્કાર સમારોહ યોજાયો

ડીસા, તા. ૧

ધી ડીસા ગ્રેઇન સીડસ એન્ડ મરચન્ટ એસોસિએશન દ્વારા ડીસા માર્કેટયાર્ડના ચેરમેન અને ડિરેક્ટરોનો સત્કાર સમારોહ શનિવારે માર્કેટયાર્ડના વેપારી એસોશિએશન હોલમાં યોજાયો હતો. આ પ્રસંગે ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈના હસ્તે ગિફ્ટ બેગ અને વેપારીઓની માહિતી પુસ્તિકાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

ઉત્તર ગુજરાતમાં મોખરાનું સ્થાન ધરાવતી શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ડીસાના ચેરમેન તેમજ ડીરેક્ટરોનો સત્કાર સમારોહ શનિવારે વેપારી એસોસિયેશન ડીસા દ્વારા ચેરમેન માવજીભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆતમાં ડીસા માર્કેટયાર્ડ વેપારી એસોસિયેશનના પ્રમુખ અરજણભાઈ પટેલ દ્વારા મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી આવકાર્યા હતા. ત્યાર બાદ વેપારીઓ દ્વારા ચેરમેન માવજીભાઇ દેસાઇ સહિત ડીરેક્ટરોને પુષ્પમાળા, મોમેન્ટો અને ખાદી વસ્ત્રથી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. ડીસા માર્કેટયાર્ડ વેપારી એસોસિયેશન દ્વારા તૈયાર કરવામાં આવેલ ગિફ્ટ બેગ તેમજ વેપારીઓની માહિતી દર્શાવતી માહિતી પુસ્તિકાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈએ સંબોધન કરતા જણાવ્યું હતું કે ડીસા માર્કેટયાર્ડ દિનપ્રતિદિન વિકાસની હરણફાળ ભરી રહ્યું છે. ત્યારે માર્કેટયાર્ડના વિકાસમાં વેપારીઓનો સિંહ ફાળો રહ્યો છે. બજાર સમિતિ ડીસા દ્વારા પણ વેપારીઓને કોઈ મુશ્કેલી ન પડે તેની તકેદારી રાખવામાં આવે છે.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડીસા માર્કેટયાર્ડના સેક્રેટરી અમૃતભાઈ જોષીએ કર્યું હતું.

વેજપુર ગ્રૂપ ગ્રામ પંચાયત મતવિસ્તારમાં ત્રણ સી.સી.રોડનો ઉદ્ઘાટન સમારંભ યોજાયો

ભિલોડા તાલુકાના વેજપુર ગામની વેજપુર ગ્રૂપ ગ્રામ પંચાયત મતવિસ્તારમાં ત્રણ સી.સી. રોડનો ઉદ્ઘાટન સમારંભ યોજાયો હતો. સરપંચ જશુભાઈ અસારી, અમરતભાઈ બરંડા, શૈલેષભાઈ મોથલીયા, સુરેખાબેન રામજીભાઈ સડાત, ગ્રામ પંચાયત સભ્યો, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. વેજપુર ગ્રૂપ ગ્રામ પંચાયત મતવિસ્તારના પ્રજાજનોમાં આનંદની લાગણી પ્રસરી છે.

ભિલોડા મામલતદારને આવેદનપત્ર અપાયું

સુરતમાં ભીષણ આગ હોનારતમાં મૃત્યુ પામનાર નિર્દોષ વિદ્યાર્થીઓના વાલીઓને રૂા.૨૦,૦૦,૦૦૦/- ની સહાય આપવી જોઈએ,મહારાષ્ટ્રમાં જાતિવાદના કારણે આત્મહત્યા કરનાર ડૉ.પાયલ તડવીના ગુનેગારોને ઝડપી તેમનું રજીસ્ટ્રેશન રદ કરવું જોઈએ તેમજ ત્રણેય આરોપીઓને આજીવન કરાવાસની સજા થવી જોઈએ તેવી માંગણી સંદર્ભે ભિલોડા મામલતદાર કચેરીમાં મામલતદારને આવેદનપત્ર આદિવાસી

સમાજના સામાજીક આગેવાનો ધ્વારા અપાયું હતું. સરકાર તરફથી દરેક મૃત્યુ પામનાર વિદ્યાર્થીઓના વાલીઓને રૂા.૨૦,૦૦,૦૦૦/- ની સહાય આપવી જોઈએ, ગુજરાત રાજ્યની જાહેર સંસ્થાઓ, હોસ્પિટલોમાં ફાયર સેફ્ટીની સત્વરે ન્યાયિક રીતે ચકાસણી કરવી જોઈએ જેના કારણે ભવિષ્યમાં કોઈ પણ જગ્યાએ ભીષણ આગ લાગવાના બનાવો ન બને તેની તકેદારી રાખવી જોઈએ, મહારાષ્ટ્ર રાજ્યના મુંબઈ સ્થિત નાયર હોસ્પિટલમાં માસ્ટર ડિગ્રીના બીજા વર્ષમાં અભ્યાસ કરતી ડૉ.પાયલ તડવીને આદિવાસી, જંગલી,નગ્ન કરી રેગીંગ કરનાર તેની સાથે અભ્યાસ કરતી ડૉ.હેમા આહુજા, ડૉ.ભક્તિ મેહર, ડૉ.અંકિતા ખંડેલવાલની તાત્કાલીક ધરપકડ કરવી જોઈએ તેમ જણાવ્યું હતું.

તત્વ એન્જીનીયરીંગ કોલેજનું ગૌરવ

મોડાસા, તા. ૧

તત્વ એન્જીનીયરીંગ કોલેજ-મોડાસામાં સીવીલ વિદ્યાશાખામાં ૨૦૧૭માં અભ્યાસ કરી ચૂકેલા ભુતપૂર્વ વિદ્યાર્થી મયંક પંચાલ દ્વારા તેમના ઈજનેરી અભ્યાસના જ્ઞાનને આધારભૂત બનાવી એજ્યુકેશનલ બેઝ ''ડીઝીટલ પ્લેટફોર્મ' એપ્લીકેશન ઈનોવેટીવ પ્રોજેક્ટ વિકસાવવામાં આવેલ છે. જેને ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સીટીના ઈનોવેશન કાઉન્સીલ અંતર્ગત સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ પોલીસી દ્વારા આ ઈનોવેટીવ પ્રોજેક્ટની પસંદગી કરવામાં આવેલ છે.

વધુમાં આવા સારા ઈનોવેટીવ પ્રોજેક્ટ વિકસાવવા બદલ આ સંસ્થાના વિદ્યાર્થીનું જી.ટી.યુ. દ્વારા રૂ. બે લાખ જેવી મોટી રકમ ગ્રાન્ટરૂપે મંજૂર કરી સન્માન કરાવાવામાં આવેલ છે. જેથી સંસ્થાનું અને વિદ્યાર્થીએ પોતાના પરીવારનું નામ રોશન કરેલ છે. જે બદલ સંસ્થાના કેમ્પસ ડાયરેકટર જયદત્તસિંહ પુવાર, પ્રીન્સીપાલ તેમજ તમામ ટ્રસ્ટીઓએ અભિનંદન પાઠવેલ છે.